અપીલ અરજી નં.૧૪૦ તા.૧૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (વરાછાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ આઈ ડી. નં.૮૧ તા.૫–૬–૦૯ ની અરજીથી લંબે હનુમાન રોડ દલિત વસાહતમાંથી બાબુભાઈ નાથુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલના વારસદારોના નામ સીધાવેરામાં દાખલ કરવા જરૂરી કિંમતના સ્પેમ્પ પેપરના ડોકયુમેન્ટ સાથે તા.૧૯–૧૦–૦૬ ના રોજ સીધાવેરા વિભાગમાં અરજીઓ આપેલ જે સમયે લોકેશન ૯૧ અમલમાં હતું? બીપીએમસી એકટ મુજબ અરજીઓનો નિકાલ કેટલા દિવસની અંદર કરી શકાય?તા.૯–૪–૦૮ ના રોજ માહિતી અધિકારી મારફતે માહિતી માંગવામાં આવેલી મળેલી માહિતીમાં જણાવ્યા મુજબ સ્લમ વિસ્તારમાં વસવાટ કરતાંઓનો બાયો મેટ્રીક સર્વેની કામગીરી સંપૂર્ણ થયા પછી અરજી બાબતે ધ્યાન આપવામાં આવશે હજુ સુધી કાર્યવાહી પાઠવી નથી તેની બંને અરજદારની અરજીઓ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી? સબંધિત વિભાગના કર્મચારી અને અધિકારીઓનો ઈરાદો અરજદારોને હેરાન કરવાનો હોય તેમને શિક્ષા કરવામાં આવશે કે રક્ષણ આપવામાં આવશે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૦/૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ આઈ ડી. નં.૮૧ તા.૫–૬–૦૯ ની અરજીથી લંબે હનુમાન રોડ દલિત વસાહતમાંથી બાબુભાઈ નાથુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલના વારસદારોના નામ સીધાવેરામાં દાખલ કરવા જરૂરી કિંમતના સ્પેમ્પ પેપરના ડોકયુમેન્ટ સાથે તા.૧૯–૧૦–૦૬ ના રોજ સીધાવેરા વિભાગમાં અરજીઓ આપેલ જે સમયે લોકેશન ૯૧ અમલમાં હતું? બીપીએમસી એકટ મુજબ અરજીઓનો નિકાલ કેટલા દિવસની અંદર કરી શકાય ?તા.૯–૪–૦૮ ના રોજ માહિતી અધિકારી મારફતે માહિતી માંગવામાં આવેલી મળેલી માહિતીમાં જણાવ્યા મુજબ સ્લમ વિસ્તારમાં વસવાટ કરતાંઓનો બાયો મેટ્રીક સર્વેની કામગીરી સંપૂર્ણ થયા પછી અરજી બાબતે ધ્યાન આપવામાં આવશે હજુ સુધી કાર્યવાહી પાઠવી નથી તેની બંને અરજદારની અરજીઓ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી? સબંધિત વિભાગના કર્મચારી અને અધિકારીઓનો ઈરાદો અરજદારોને હેરાન કરવાનો હોય તેમને શિક્ષા કરવામાં આવશે કે રક્ષણ આપવામાં આવશે તેની માહિતી આપવા બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૮૧ તા.૪–૭–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/ ૫૫૬ તા.૨૮–૮–૦૯ થીઝોનલચીફ અને જાહેર માહિતીઅધિકારી (વરાછાઝોન)ને પત્ર પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને એપેલેટ/આરટીઆઈ/ અરજી નં.૮૧ તા.૩૧–૮–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૮૧ તા.૪–૭–૦૯ ના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૫–૬–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયે માંગવામાં આવેલી માહિતીના સંદર્ભે નં.ઈ.ઝેડ/આરટીઆઈ૮૧ તા.૪–૭–૦૯ થી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૧૧–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ તા.૧૯–૧૦–૦૬ ની અરજીના વર્ષમાં લોકેશન–૯૧ અમલમાં હતું? અને બીપીએમસી કલમ મુજબ અરજીનો નિકાલ કેટલા દિવસમાં કરી શકાય તે બે મુદ્દાની માહિતી માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ નં.૫૫ તા.૧૮–૫–૦૯ ના અનુસંધાને તા.૧૫–૬–૦૯ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ છે. અને અરજી બાબતે લાગત જરૂરી દસ્તાવેજી પુરાવાઓ જો સામેલ હોય તો સામાન્ય રીતે અરજીનો નિકાલ દિન–૧૫ માં કરવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.ર સદર તા.૧૯–૧૦–૦૬ બાબતે તા.૯–૪–૦૮ ના રોજ માહિતી અધિકાર મારફત માહિતી માંગતા જણાવવામાં આવેલ કે સ્લમ વિસ્તારમાં વસવાટ કરતાં કરદાતાઓને બાયો મેટ્રીક સર્વેની કામગીરી સંપૂર્ણ થયા પછી અરજી બાબતે ધ્યાન આપવામાં આવશે . અરજી બાબતે હજુ સુધી કાર્યવાહી થઈ નથી? તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ કે આરટીઆઈ/૩૦,૫૪ અને ૫૫ ના અનુસંધાને જવાબ પાઠવવામાં આવેલ છે. જે મુજબ ઝુંપડામાં ભાગલા પાડી ન શકાતા હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ સદર તા.૧૯–૧૦–૦૬ અરજી બાબતે બંને અરજદારોની અરજીઓ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી? અને કર્મચારીઓ અને અધિકારીઓને શિક્ષા કરવા અંગેની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે ઝુંપડામાં ભાગલા પાડી શકાતા ન હોવાથી અરજીઓ દફતરે કરવામાં આવેલ છે જે અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે અરજદારની શિક્ષા બાબતેની કરેલ રજૂઆત કાર્યવાહીને લગતી છે. અરજદાર ધ્વારા પણ તા.૯–૪–૦૮ ની માહિતી અરજીના અનુસંધાને મળેલ પત્ર આધાર કે સમર્થનમાં રજૂ કરેલ ન હોઈ પ્રસ્તુત તબકકે તેને ધ્યાને લેવાનો પ્રશ્ન રહેતો નથી. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧, ર તથા ૩ અંગે સ્વતંત્ર માહિતી આપેલ જણાતી નથી. કાયદા હેઠળ દરેક અરજી કલમ–૬(૧) હેઠળ અલગ હોઈ અલગ માહિતી આપવી રહે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ અને ર તથા ૩ પૂર્વાર્ધની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,(વરાછાઝોન) ..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ